ગાંધીનગર મેટ્રો
દૈનિક અખબાર
દ્વારા પ્રસિદ્ધ થતી રવિવારની વિશેષ પૂર્તી

# લાયન્સ સમાચાર

સ્થાપક:મુકેશભાઈ પટેલ ૯૪૨૬૩૦૨૬૮૪, ચીફ એડીટર:ડો. બીનાબેન પટેલ, ડિસ્ટ્રિક્ટ ગવર્નર ૩૨૩૨ B૩: હીરેન મેવાડા તરીખ:૦૯-૧૧-૨૦૨૫,રવિવાર

## લાયન્સ કલબ ઓફ શાહીબાગ






તારીખ 02/11/2025 રવિવાર સવાર 8.30 am થી સાંજ ના 4.30pm જીવદયા નો કાર્યક્રમ માંડલ મહાજન પાંજરાપોળ પ્રેસિડેન્ટ ડૉ. ચિરાગ શાહ, રૂપેષભાઈ, પિંકીબેન, હેતલ શાહ તથા જીવદયા ગૃપ પાલડી ના નવ સભ્યો દ્વારા આ સુંદર સેવાકીય કાર્ય માટે હાજર હતા.આપણી લાયન્સ ક્લબ શાહીબાગ અને રૂપેષભાઈ ના ગૃપ ના સભ્યો દ્વારા 1580 અબોલ જીવ ને ઘાસચારો ખવડાવવા નો ખૂબ ઉમદા કાર્ય બદલ આભાર.

આપણી ક્લબ ના સભ્યો અમરીષભાઈ પટેલ-5000, સંદિપભાઈ શાહ - 5000, ડૉ ચિરાગ શાહ - 5000, શ્રી દત્તાબેન અજમેરા - 2000, શ્રી રીમાબેન શ્રેણીકભાઈ શાહ - 3000, શ્રી નટુભાઈ શાહ - 5000, શ્રી વિરેનભાઈ મોદી - 3000, લાયન રૂપેષભાઈ શાહ - 3000.

આમ કુલ 31000/- નુ અનુદાન ઉપરોક્ત સેવાકીય કાર્ય માટે લાયન્સ ક્લબ શાહીબાગ ના સભ્યો દ્વારાએકઠુ કરેલ છે.જેમા એક ટાઈમ નો ઘાસચારો લાયન્સ ક્લબ શાહીબાગ તરફ થી સ્પોન્સર કરવા આવ્યો છે.

રૂપેષભાઈ ના ગૃપ જીવદયા મિત્ર મંડળ પાલડી દ્વારા 45911/- નુ અનુદાન ઉપરોક્ત જીવદયા માટે એકઠુ કરેલ છે. આ જીવદયા ના કાર્ય માટે ઘાસચારો બીજા સમય નુ સાંજ તથા જીવદયા મંડળ પાલડી દ્વારા 15111/- જીવો ને પાણી પીવા નુ પ્યાઉ (હોજ)બનાવવા અનુદાન કરેલ છે. આ જીવદયા ના ઉત્કૃષ્ઠ કાર્ય મા હાજર રહેલ દરેક સભ્ય નો તથા અનુદાન બદલ દરેક સભ્ય નો લાયન્સ કલબ ઓફ શાહીબાગ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે. લાયન્સ કલબ ઓફ શાહીબાગ જીવદયા ગૃપ પાલડી ના સભ્યો મુખ્ય નિખિલભાઈ અને રૂપેષભાઈ શાહ નો આ નોબલ કાર્ય માટે આભાર વ્યક્ત કરે છે.

કુલ જીવદયા કાર્ય બદલ અનુદાન 76,911/-

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ

### નેશનલ ચેસ ટુર્નામેન્ટના અંતિમ દિવસે પ્રજ્ઞાચક્ષુ ભાઈઓ અને બહેનોને મેડલ, સર્ટિફિકેટસ અને ટ્રોફી વિતરણ કરાયું.












છેલ્લા 3 દિવસથી અમદાવાદ અંધજન મંડળ ખાતે નેશનલ ચેસ ટુર્નામેન્ટ નું આયોજન થયું હતું આજે તાં -2/11/25 રવિવારના રોજ અં ટુર્નામેન્ટની પુર્ણાહુતી ભવ્ય રીતે કરાઈ. અં ટુર્નામેન્ટ મા 18 જેટલાં રાજ્યોના પ્રતિયોગિયોએ ભાગ લીધો હતો. આજે યોજાયેલ ટ્રોફી વિતરણ ના કાર્યકમ મા લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટીના પ્રેસિડેન્ટ ડો. બીના પટેલને ચીફ ગેસ્ટ તરીકે હાજર રહ્યાં હતાં. આ સિવાય આ સમારંભ મા ભાવેશ રાઠી, દીપિકા રાઠી, વિરલ ત્રિવેદી, પાર્થ મિશ્રા. ઝીલ શાહ, દક્ષેશ રાવલ, મુકેશ પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં.

ગુજરાત સતત ત્રીજી વખત વિઝ્યુઅલી ચેલેન્જડ માટે રાષ્ટ્રીય ટીમ ચેસ ચેમ્પિયનશિપ જીત્યું. ગુજરાત એસોસિએશન ફોર વિઝ્યુઅલી ચેલેન્જડ અને ઓલ ઈન્ડિયા ફેડરેશન ફોર ધ બ્લાઈન્ડ દ્વારા અમદાવાદના બ્લાઈન્ડ પીપલ્સ એસોસિએશન ખાતે નેશનલ ટીમ ચેસ ચેમ્પિયનશિપ ફોર વિઝ્યુઅલી ચેલેન્જડનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું. આ ટુર્નામેન્ટ, જેમાં 18 રાજ્યોના 150 ખેલાડીઓએ ભાગ લીધો હતો, તેમા ગુજરાત સતત ત્રીજી વખત ચેમ્પિયન બન્યું.જે ગૌરવ લેવા ની બાબત છે.

ચેસ જેવી એકાગ્રતા અને બુદ્ધિ કસીલે તેવી રમતમાં છોકરીઓ એ ખુબ કમાલ બતાવી હતી. હિમાંશી રાઠી અને ઉર્વી રાઠી બન્ને બહેનો પ્રજ્ઞાચક્ષુ ધરાવે છે, બન્ને ચેસ રમે છે.હિમાંશી ની ટીમે ફર્સ્ટ પ્રાઈઝ ( ટ્રોફી, મેડલ ) પ્રાપ્ત કર્યા. ફર્સ્ટ રનર અપ મુંબઈ ની ટીમ રહી અને સેકન્ડ રનર અપ કર્નાટકની ટીમ રહી. આ સમયે તેઓના કોચ ને પણ મેડલ આપવામાં આવ્યા હતાં જે પ્રસંસનીય હતું. ડો. બીના બહેને પોતાનાં વક્તવ્ય મા તમામ ખેલાડીઓને ખુબ પ્રોત્સાહિત કર્યા અને ક્યારેય નિરાશ ન થવા જણાવ્યું. તેઓએ દરેક વિજેતાને ટ્રોફી નું વિતરણ કર્યું.ટ્રોફી લેતી વખતે યુવાનોની ખુશી શબ્દોમાં ન વર્ણવી શકાય તેવી હતી. કાર્યકમમા દરેક મહેમાનઓએ પોતાનું વક્તવ્ય આપ્યું. આમ આખો કાર્યકમ ભોજન સાથે પૂણ થર્યો.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી






તા - 3/11/25 સોમવાર ના રોજ *કચ્છ કડવા પાટીદાર સમાજનો 14 મો સમૂહ લગ્ન સમારંભ *સોલા, ઉમિયા કેમ્પસ ખાતે યોજાયો.સમૂહ લગ્ન ની સાથે સાથે *લાયન્સ ક્લબ અમદાવાદ સીટી દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ, ડાયાબિટીસ ચેકઅપ કેમ્પ, બીપી ચેકઅપ કેમ્પ, વય વંદના ( આયુષ્યમાન કાર્ડ નોંધણી), ઓર્ગન ડોનેટ કમિટમેન્ટ ફોર્મ વિગેરેની સવલતો સાથે કાર્યકમ નું આયોજન કરવામાં આવ્યુ. આ કાર્યકમ લાયન્સ ક્લબ ના *ડિસ્ટ્રીક્ટ ટ્રેઝરેર શ્રી પિયુષભાઈ શાહ ના અધ્યક્ષ પદે યોજાયો હતો.*તેઓએ બ્લડ ડોનેટ કરનારા મિત્રોને સર્ટિફિકેટસ આપ્યા.તેમજ તેઓએ સાત *નવદંપત્તિઓ ને શુભકામનાઓ સાથે દરેકને 501 rs નું કવર આપ્યું. જે પ્રશંશનીય પગલું છે.*અમદાવાદ સીટી તરફથી પિયુષભાઈ શાહ નો આભાર વ્યક્ત કરવામાં આવ્યો..આ પ્રસંગે *મુખ્ય અતિથિ શ્રી દેવજીભાઈ અને અતિથિ વિશેષ ભગવાન ભાઈ ખાસ ઉપસ્થિત રહ્યાં હતાં અને સમગ્ર કેમ્પ ના આયોજનમાં ઊંડો રસ લીધો હતો.*પ્રેસિડેન્ટ ડો બીના પટેલે બ્લડ ડોનેટ કરનારા યુવાનોને સર્ટિફિકેટ અને ટ્રે આપ્યા. *પાસ્ટ પ્રેસિડેન્ટ કનુભાઈએ તમામ બ્લડ ડોનેટ કરનારાઓ માટે ટ્રે ગિફ્ટ ની વ્યવસ્થા કરી.અમદાવાદ સીટી ના એક્ટિવ મેમ્બર્સ *મહેન્દ્રભાઈ વર્મા, ( સેક્રેટરી ) મુકેશ પટેલ, રાજેશભાઈ સોની ( RC) જ્યોતિબેન સોની, કમલેશભાઈ પટેલ ( સેકન્ડ વાઈસ પ્રેસિડેન્ટ)શિવરતન ભાઈ,( પાસ્ટ પ્રેસિડેન્ટ ) કનુ ભાઈ પટેલ ( પાસ્ટ પ્રેસિડેન્ટ ) *હાજર રહ્યાં હતાં.

આમ આ સમગ્ર કાર્યકમ માં 146 - બોટલ બ્લડ એકત્રિત થયું 2278 લોકોએ પોતાનો ડાયાબીટીસ અને બીપી ચેક કરાવ્યું. વય વંદના સ્કીમ, આયુષ્યમાન કાર્ડ માટે 704 સિનિયર લોકોએ નોંધણી કરાવી. 165 લોકોએ ઓર્ગન ડોનેટ નું ફોર્મ ભર્યું. લાયન્સ કર્ણાવતી હોસ્પીટલના ડોક્ટર્સ સચિનભાઈ કે જેઓ લાયન્સ ની બ્લડ બેંકનું તમામ કાર્ય સંભાળે છે. અને તેમની ટીમનો અમને ખુબ સાથ સહકાર મળ્યો, આપ સૌનો અમદાવાદ સીટી આભાર વ્યક્ત કરે છે સમગ્ર કાર્યકમ ભગવાન ભાઈ પટેલ તેમજ કનુભાઈ પટેલ બન્ને(પાસ્ટ પ્રેસિડેન્ટસ) ના ખાસ પ્રયત્નોથી સરસ રીતે પૂણ થર્યો.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી




તા 7/11/25 શુક્રવાર ના રોજ વર્લ્ડ કેન્સર અવેરનેસ ડે નિમિત્તે અમદાવાદ સીટી ક્લબ તરફથી પ્રખ્યાત અને ખુબ જાણીતાં કેન્સર સ્પેશિયલિસ્ટ ડો. કૌમિલ પટેલ ( સિમ્સ હોસ્પિટલ ) તેમજ ડો. રાજવીર ગુપ્તા ( સિમ્સ હોસ્પિટલ ) નું ખાસ વક્તવ્યનું આયોજન ગાંધીનગર ખાતે આંબેડકર હોલ ખાતે કરવામાં આવ્યું હતું.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી












આજે તા 7/11/25 શુક્રવાર ના રોજ સવારે 11. 30 વાગે લાયન્સ ક્લબ અમદાવાદ સીટી તરફથી ગાંધીનગર ખાતે આવેલી સરસ્વતી વિદ્યાલયમાં બાળકો ને ભારતના રાષ્ટ્રગાનને 150 વર્ષ પુરા થયાની ઉજવણી પેટે 'વંદેમાતરમ' નું સમૂહ ગાન યોજવામાં આવ્યું. મહેમાનો દ્વારા શાળાના બાળકોને રાષ્ટ ગાન 'વંદેમાતરમ'વિષેની તેમજ તેનાં લેખક ના જીવન વિષેની લગતી તમામ માહિતીઓ આપવામાં આવી,આ પ્રસંગે હાજર રહેલાં અતિથિશ્રી પી સી મહેતા (પૂર્વ નાયબ માહિતી નિયામક) પ્રેસિડેન્ટ બીનાબેન, મુકેશભાઈ, કેવલ ત્રિવેદી તેમજ તમામ ટ્રસ્ટીગણે બાળકોને સ્વદેશી વસ્તુઓ જ વાપરવી એ વિષે ઉદાહરણ આપી સમજાવ્યું. લાયન્સ ક્લબ તરફથી દરેક મહાનુભાવો નું સ્વાગત શાલ ઓઢાડી ને કરવામાં આવ્યું તેમજ આચાર્ય શ્રી ગોપાલભાઈ સોંલકી ને તેઓ ના સુંદર કાર્યો બદલ ટ્રોફી એનાયત કરાઈ.

## લાયન્સ ક્લબ ઓફ અમદાવાદ સીટી




આજેતા 8/11/25 શનિવારના રોજ સવારે 10 વાગે સાયન્સસીટી રોડ થી સતાધાર ચાર રસ્તા સુધી લાયન્સ અમદાવાદ સીટી તેમજ સ્વામિનારાયણ મંદિરના સેવાભાવી સતસંગીઓના સંયુક્ત ઉપક્રમે કેન્સર જન જાગૃતિ અભિયાન રેલી નું આયોજન કરાયું હતું. જેમાં હજારો સતસંગીઓ ભાઈઓ અને બહેનો એ ભાગ લીધો.આ રેલીનો હેતુ આજકાલ લોકોમાં વધતા જતાં કેન્સર ના રોગ માટે જાગૃતિ માટે નો હતો.